### કલાગુર્જરી, મુંબઈ દ્વારા આયોજિત

# એકપાત્રિય અભિનય સ્પર્ધામાં નગરના બે કલાકારો ઝળક્યા





ગાંધીનગર, તા. ૨૮

વિલેપાર્લે, મુંબઈ સ્થિત મીઠીબાઈ કૉલેજ ખાતે કલાગુર્જરી સંસ્થા દ્વારા એકપાત્રિય અભિનય સ્પર્ધાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરના બે કલાકારોએ ઈનામો પ્રાપ્ત કરીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધાના ઑડિશન રાઉન્ડમાં સફળતાપૂર્વક પાસ થઈને શહેરનાં રહેવાસી તથા સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરનાં અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષ ડૉ. મમતા બુચ અને તેમના પુત્ર પરમ શુકલએ ફાઈનલ સ્પર્ધામાં પ્રવેશ મેળવ્યો હતો. ફાઈનલ સ્પર્ધામાં પરમ શુકલનો ૮થી ૧૫ વર્ષના વયજૂથમાં દ્વિતીય ઈનામ અને ડૉ. મમતા બુચને ૩૬ વર્ષથી વધુ વયના સ્પર્ધકોના જૂથમાં પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત થયું હતું.

નગરના કલાપ્રેમીઓ તરફથી વિજેતા માતા-પુત્રની જોડી તરફ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

### અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય, મિરજ દ્વારા લેવામાં આવેલી

# કથકની પરીક્ષામાં શહેરના સિતારા ઝળક્યા



ગાંધીનગર, તા. ૨૮


અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય, મિરજ દ્વારા લેવામાં આવેલી કથકની પરીક્ષામાં ગાંધીનગરનાં તાલીમાર્થીઓએ ઉજજવળ પરિણામો હાંસલ કર્યાં છે.

ઍસઍસવી કૅમ્પસ, સૅક્ટર-૩ ખાતે કાર્યરત નર્તન કથક કેન્દ્રનાં તાલીમાર્થીઓએ વિવિધ પરીક્ષાઓમાં પ્રથમ વર્ગ અને વિશેષ યોગ્યતાનાં પરિણામો હાંસલ કરીને નગરનું ગૌરવ વધાર્યું છે.

ડિસેમ્બર, ૨૦૧૯માં લેવામાં આવેલી પ્રવેશિકા પ્રથમ પરીક્ષામાં યશ્વી દેવાણી, આર્વી પ્રજાપતિ અને નિયાશી પરમારે વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે. મધ્યમા પ્રથમ પરીક્ષામાં પાયલ ઉપાધ્યાયે, મધ્યમા પૂર્ણમાં હેમા ભટ્ટે તથા વિશારદ પ્રથમ પરીક્ષામાં જીલ ભટ્ટ અને દિયા પરીખે પ્રથમ વર્ગ પ્રાપ્ત કરી કેન્દ્રનું તથા ગાંધીનગરનું નામ ઉજાળ્યું છે.

ઍસઍસવી કૅમ્પસના મૅનેજિંગ ટ્રસ્ટી શૈલેષ રાજગોર તથા નર્તન કેન્દ્રના કલા સંયોજક કુંતલ નિમાવત દ્વારા સૌ તાલીમાર્થીઓ તથા તેમનાં કલાગુરુ હાર્દિકા શુકલને આ ઉજજવળ પરિણામ બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## જન્મદિને વધામણી



**સી.એલ. મહેતા**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨



**સેજલ આદિત્ય દવે**
મો. ૯૦૩૩૨ ૬૩૯૮૨



**જશુભાઈ સી પટેલ**
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫



**ભલજીભાઈ એમ સોલંકી**
મો. ૯૪૨૯૨ ૦૬૭૬૮



**કાંતિલાલ બાબુલાલ શ્રીમાળી**
મો. ૯૮૨૪૬ ૯૦૩૦૯

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# વાડોકાઈ કરાટે-ડો એકેડેમી દ્વારા તાલીમાર્થીઓની રેન્ક ટેસ્ટ લેવાઈ



ગાંધીનગર, તા. ૨૮

વાડોકાઈ કરાટે-ડો એકેડેમી, ગુજરાત દ્વારા તાજેતરમાં તાલીમાર્થીઓ માટે રેન્ક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટેસ્ટમાં ભાગ લઈને અર્યન પબ્લિક સ્કૂલ, કલોલના તાલીમાર્થીઓએ ઉજજવળ પરિણામો પ્રાપ્ત કર્યાં હતાં.

કોચ સેન્સાઈ સુરજ ત્રિપાઠીના હસ્તે સઘળા તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. વાડોકાઈ કરાટે ડો એસો.ના ગાંધીનગરના ડિરેક્ટર રૈનશી ગૌરાંગ રાણાએ ટેસ્ટમાં ઉત્તીર્ણ થઈ ઉચ્ચ રેન્ક મેળવનારા સૌ તાલીમાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા

# સાયબર સિક્યુરિટી અંગે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા સાયબર સિક્યુરિટી અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો. સંદિપ મુદલકર નામના નિષ્ણાતને આમંત્રણ અપાયું હતું, તે ૨૦1૪ માં સ્થપાયેલ 'સાયટેક લેબ્સ પ્રા.લિ.'ના સીઈઓ અને સ્થાપક છે અને તે સાયબર ક્રાઈમ ફોરેન્સિક નિષ્ણાત, તપાસનીશ અને ૨૦૦૬થી ઈન્ટરનેટ અપરાધ /છેતરપિંડી વિશે સાયબર વર્લ્ડમાં જાગૃતિ લાવવાના કાર્યમાં ભારતભરના વિવિધ રાજ્ય પોલીસ વિભાગના સલાહકાર છે.

તેમણે સાયબર સિક્યુરિટી જાગરૂકતા અને તે શા માટે મહત્વપૂર્ણ છે તે વિષે સંપૂર્ણ માહિતી આપી. સુરક્ષા જાગૃતિ એ વલણ અને વર્તણૂક સાથે જોડાયેલ જ્ઞાન છે જે આપણી માહિતી ને પ્રોટેક કરે છે. સાયબર સિક્યુરિટીને જાગૃત રાખવાનો અર્થ એ છે કે તમે સમજો છો કે જોખમો શું છે અને તમે તેને રોકવા માટે યોગ્ય પગલાં લો.તેમણે સાયબર સિક્યુરિટી જોખમોના વાસ્તવિક જીવનનાં ઉદાહરણો પણ આપ્યા, જેવા કે , સાયબર છેતરપિંડી, સ્પીઅર ફિશિંગ, વિશિંગ એન્ડ વ્હેલીન્ગ, માલવેર એટેક - જેમાં વાયરસ, વોર્મ્સ, ટ્રોજન, સ્પાયવેર, રૂટકીટ્સ વગેરેનો સમાવેશ થાય છે, રેન્સમવેર હુમલો, ડ્રાઇવ બાય ડાઉનલોડ્સ, હેકિંગ - કી લોગિંગ, પાસવર્ડ ડિક્રિપ્શન વગેરે શામેલ છે.

સંસ્થાના પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ હેડ નિમિષ દવેએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે આ વર્કશોપ હેઠળ વિદ્યાર્થીઓ સાયબર સુરક્ષા જાગૃતિ વિશે જ નહિ તેઓએ જાતે કેવી રીતે પોતાનો મોબાઈલ અને લેપટોપ હેક થાય છે અને કેવી રીતે તેમનું પ્રોટેકશન કરવું તે વિષે પણ પુરી રીતે માહિતગાર થયા. સાયબર સુરક્ષા જાગૃતિ કોઈપણ વ્યકિતગત/ સંગઠનોનો મહત્વપૂર્ણ ભાગ હોવો જોઈએ. તે આપણી વ્યૂહરચનામાં માનવીય નબળાઈના પરિબળને માત્ર સંબોધિત જ કરતી નથી, તે તાત્કાલિક સુરક્ષા પણ પૂરી પાડે છે.



ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલના સીનિયર કે.જી.નાં બાળકો સંસ્થામાં જ આવેલ એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલની મુલાકાતે ગયા હતા, જ્યાં પ્રાઈમરીના શિક્ષકોએ તેમને ઉમળકાભેર આવકારી, સમગ્ર સ્કૂલ અને કલાસ રૂમની મુલાકાત કરાવી, કાર્ટૂન મૂવી બતાવ્યુ હતું.

નવા શરૂ થનાર શૈક્ષણિક વર્ષમાં બાળકો જે સ્કૂલમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવવાના છે, તે સ્કૂલની મુલાકાત લઈને તેઓ અત્યંત રોમાંચિત થઈ ગયા હતા. આ મુલાકાતની પરવાનગી આપવા બદલ આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે પ્રાઈમરી સ્કૂલના આચાર્ય સલીના નાયર પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.



શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. ચેતનાબેન બુચ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી, આરોગ્યલક્ષી માર્ગદર્શન, પેપર લખવાની પધ્ધતિ, સ્ટ્રેસ મેનેજમેન્ટ દ્વારા સૂચનો કરાયાં હતાં. ધોરણ-૧૦ના વિદ્યાર્થી ધ્યાન પટેલે શાળા માટેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ પણ શાળા પરિવાર પ્રત્યે ઋણ ભાવ અદા કરતાં પોતાના પ્રતિભાવો દ્વારા તમામ શિક્ષકોનો તેમને વિજ્ઞાનપ્રવાહ માટે સમગ્ર બે વર્ષ દોરવણી આપવા બદલ આભાર માન્યો હતો.

# શું ધોરણ ૧૦માં ટ્યુશન કરવું ફરજિયાત છે ? જાતે મેહનત કરવા શું કરવું ?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. હું ધોરણ ૯માં અભ્યાસ કરું છું.શું ધોરણ ૧૦માં સારા ટકા લાવવા માટે ટ્યુશન હોવું ફરજિયાત છે?ઘરે બેઠા કઈ રીતે તૈયારી કરી શકાય?**

**- રોનક જૈન, ગાંધીનગર**

રોનક, જો આપના પ્રશ્ન નો એક વાક્ય માં જ જવાબ આપવો હોય તો એમ આપી શકીએ કે ના, ધોરણ ૧૦ માં ટ્યુશન રાખવું બિલકુલ ફરજિયાત નથી.અમે તો ત્યાં સુધી કહેવા માંગીએ છીએ કે આગળ પણ કોઈ પરીક્ષા માટે ટ્યુશન રાખવું ફરજિયાત નથી.પણ પણ એના માટે એકમાત્ર શરત એ જ છે કે જે તે પરીક્ષા માટે આપે પોતે જ ગંભીર બની ને તૈયારી ચાલુ કરવી પડે.અને મોટા ભાગ ના વિદ્યાર્થીઓ અહિયાં જ પાછા પડે છે. અંગ્રેજીમાં એક કહેવત



છે કે "સેલ્ફ મોટીવેશન ઈઝ ધ બેસ્ટ કી ટુ સક્સેસ" એટલેકે પોતાની જાતે જ પ્રેરણા મેળવવી એ સફળતા ની બેસ્ટ ચાવી છે.જો આપ કોઈ પણ પરીક્ષા માટે જાતે જ સમયસાર ટાઈમટેબલ બનાવી રોજ નિયમિત વાંચો તો આપ ને ટ્યુશન ની ક્યારેય જરૂર પડી શકે એમ નથી.પણ આવું દરેક વિદ્યાર્થી માટે શક્ય બની શકતું નથી.મોટા ભાગના વિદ્યાર્થીને સ્કૂલ સિવાય પણ વધારાના શિક્ષણ માટે ટ્યુશન ની જરૂર પડતી હોય છે.એની પાછળ ટ્યુશન કલાસ માં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા, વ્યક્તિગત માર્ગદર્શન તથા નિયમિત રિવિઝન અને ટેસ્ટ જેવા પરિબળોથી વિદ્યાર્થી વધુ સારી રીતે પરીક્ષા માં દેખાવ કરી શકે છે. પણ જો આપ ઘરે જ ટ્યુશન વગર જ તૈયારી કરો છો તો આપે સ્કૂલમાં ચલાવવા માં આવતા અભ્યાસક્રમ નું નિયમિત પુનરાવર્તન તથા કલાસ માં જ્યાં આપ ને ખબર ના પડે તો તે જ ક્ષણે આપે આપની શંકા નું સમાધાન શિક્ષક જોડે કરવું જેથી આપને જે તે સમયે જ કોઈ પણ પ્રશ્નો હલ મળી રહે.એ સિવાય આપ આપના અભ્યાસક્રમ મુજબ વાંચન નું ટાઈમ ટેબલ બનાવી ને તૈયારી કરી શકો છો.જે ચોક્કસ આપણે ફાયદાકારક સાબિત થશે.શુભકામનાઓ એક જ્વલંત કારકીર્દી માટે.

**૨. મને હોટેલ મેનેજમેંટનો કોર્સ કરવામાં રસ છે. તેના વિષે માહિતી આપવા વિનંતી.**

**- શનિ પંડ્યા, અમદાવાદ**

શનિ, હોટેલ મેનેજમેંટમાં મુખ્યત્વે ચાર ભાગ હોય છે – ફ્રંટ ઓફિસ , સેલ્સ , ફૂડ એન્ડ બેવરેજ (કૂકિંગ લગતું) અને હાઉસ કિપિંગ (રખરખાવ). હોટેલ મેનેજમેંટનો કોર્સ કોઈ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કર્યા પછી સારા વિકલ્પ મળતા હોય છે. સારી હોટેલ્સ, ફૂડ ચેન (જેમ કે મેક ડોનલ્ડ્સ), રેસ્ટોરન્ટ અને રીટેલ ચેન (જેમ કે રિલાયંસ માર્ટ) વિગેરેમાં તમને જોબ મળી શકે છે. હોટેલ મેનેજમેંટ કરાવતી ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેમ કે આઇ.એચ.એમ., સિમબાયોસિસ, વિગેરે માટે પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. પ્રવેશ પરીક્ષામાં ૧૦માં ધોરણ સુધી ભણેલું ગણિત, અંગ્રેજી અને તાર્કિક (રીઝનિંગ) પૂછાતું હોય



છે.તદુપરાંત સામાન્ય જ્ઞાન (જીકે) અને સર્વિસ એપ્ટિટ્યૂડ પણ પૂછાય છે. પ્રવેશ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ વિદ્યાર્થી નો ઈન્ટરવ્યૂ અથવા ગ્રુપ ડિસ્કશન લેવાતું હોય છે. એન.સી.એચ.એમ.સી.ટી નામક પરીક્ષા દ્વારા ભારતની પ્રતિષ્ઠિત એવી આઇ.એચ.એમ. માં પ્રવેશ મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા સ્પોન્સોર્ડ એવી ૨૧ આઇ.એચ.એમ. છે. બીજી એક પ્રતિષ્ઠિત સંસ્થા જ્યાં હું તમારું ધ્યાન દોરીશ તે છે આઇ.એચ.એમ. ઔરંગાબાદ. અહિયાં ભણવા માટે આ સંસ્થાની પોતાની પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. આમ હોટેલ મેનેજમેંટ કર્યા પછી તમને સારા વિકલ્પ મળી શકશે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે. શુભકામનાઓ એક જ્વલંત કારકીર્દી માટે.

**૩. હું બી.ઈ માં અભ્યાસ કરું છું . એ.એફ.સી.એ.ટી ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- રિધ્ધિ શાહ, ગાંધીનગર**

એર ફોર્સ કોમન એડમિશન ટેસ્ટ એએફસીએટી તરીકે ઓળખાય છે, જે ભારતીય હવાઈ દળ દ્વારા હાથ ધરવામાં આવે છે, જે વિશ્વનું ચોથું સૌથી મોટું હવાઈ દળ છે. ફ્લાઇંગ અને ગ્રાઉન્ડ ફરજો (ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ) માં વર્ગ -૧ ગેઝેટ્ડ અધિકારીઓને પસંદ કરવા માટે ફેબ્રુઆરી અને ઑગસ્ટ મહિનામાં



પરીક્ષા લેવામાં આવે છે. એએફસીએટી, બંને પુરુષ અને સ્ત્રી, ફ્લાઈંગ બ્રાન્ચમાં ટૂંકા સેવા કમિશન અને કાયમી કમિશન / ટૂંકા સેવા કમિશન બંને તકનીકી અને બિન-તકનીકી ભૂમિકાઓ માટે ગ્રાઉન્ડ ડ્યુટીમાં અધિકારીઓ તરીકે, પુરુષ અને સ્ત્રી બંને માટે યોગ્યતા ધરાવે છે.અન્ય માહિતીની વાત કરીએ તો આ પોસ્ટ માટે વિવાહિત અને જેની ઉમર ૨૫ કરતાં વધુ હોય એ આયોગ્ય ઠરે છે.શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે ઓછામાં ઓછા ૬૦ ટકા અને ફિઝિક્સ અને ગણિત જેવા વિષયો સાથે ૧૨ પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ ૬૦ ટકા સાથે સ્નાતક ની પદવી મેળવેલ હોવી જરૂરી છે. ટેકનિકલ પોસ્ટ માટે આપે એન્જીનિયરીંગ માં સ્નાતક કરેલું હોવું જરૂરી છે.તો આપ આ બધી બાબતો પર અત્યાર થી જ વિચાર કરી આ પરીક્ષા માટે ની તૈયારી માટે નું પ્લાનિંગ કરી શકો છો.શુભકામનાઓ એક જ્વલંત કારકીર્દી માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner